।। શ્રી મહાવીરાય નમઃ।।

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail.com

---

**૧૭ જુલાઈ ૨૦૨૨ – મહિલા મંડળ** **શ્રેણી – ૨૧** **કુલ ગુણ : ૧૦૦**

(૨૦)

**પ્ર. ૧ (અ) નીચેના શબ્દોના અર્થ લખો.** **(૨)**

૧. સાવગ ૨. કમ્મઉ ય ૩. ઠિઆ ૪.ઠામિ

**(બ) માત્ર સંખ્યા લખો.** નિર્ગંથ પ્રવચનના વિશેષણો, શુભ ધ્યાન, ક્રિયા સ્થાન, લાંતકના વિમાન **(૨)**

**(બ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૬)**

૧. અત્યારે તીર્થંકરો હાજર નથી તો જૈનધર્મ કેવી રીતે ચાલે છે? તીર્થંકરના બીજા નામ શું છે?

૨. અણુવ્રત એટલે શું? તે કેટલા છે?

૩. ગણધર કોને કહેવાય? તેઓ હાલ ક્યાં બિરાજે છે?

**(ક) બીજા કર્મગ્રંથના આધારે જવાબ લખો.** **(૧૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૫)**

૧. સદ્‌ભાવ સત્તા એટલે શું? ચૌદમા ગુણસ્થાનના ચરમ સમયે કેટલી અને કઈ કઈ પ્રકૃતિની સત્તા હોય?

**(૨) નીચેની પ્રકૃતિનીસત્તા ક્યાં સુધી? સત્તા વિચ્છેદ ક્યારે?** **(૫)**

૧. તિર્યંચ ગતિ ૨. કાળો વર્ણ ૩. સંજવલન માયા ૪. નિદ્રા ૫. આતાપ નામ

(૫)

**પ્ર. ૨ સૂયગડાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ક્ષેત્ર વેદના કેટલા પ્રકારની છે? કઈ કઈ (૩)

૨. મનુષ્ય ગતિમાં જીવો ...... છે. જીવનું ...... ....... માત્ર ...... છે. (૨)

(૧૦)

**પ્ર. ૩ ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. આત્મવાનના સ્થાન કયા કયા છે? ૨. અનુયોગી પ્રશ્ન તથા સ્વપ્નાન્તિક પ્રતિક્રમણ એટલે શું?

૩. પ્રમાદના છેલ્લા ચાર પ્રકાર લખો. ૪. આહાર કરવાના પહેલા ચાર કારણ લખો.

૫. આકાશ દ્રવ્ય જ ...... ને સ્થાન આપે છે, તે સ્વયં ....... અને ....... છે. તેનો કોઈ ....... નથી.

(૧૦)

**પ્ર. ૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. પુંડરિકના અધ્યયનમાં શેનું દિગ્દર્શન અને શેની પ્રેરણા આપવામાં આવી છે?

૨. પુંડરિક અણગારે કયો ધર્મ અંગીકાર કર્યો? તેઓ ક્યાં ઉત્પન્ન થયા? તેમનું ભવિષ્ય શું છે?

૩. કંડરિક કુમાર કઈ નગરીમાં રહેતા હતા? તે નગરી ક્યાં આવેલી હતી? તેમના માતા–પિતાનું નામ શું હતું?

૪. કંડરિક અણગાર શિથિલાચારી થઈ ગયા ત્યારે પુંડરિક રાજાએ શું કહ્યું?

૫. કોણ બોલે છે કોને કહે છે? : (૧) આપ મારી યાનશાળામાં પધારો.

(૨) જેમ તમને સુખ ઉપજે તેમ કરો.

**અથવા**

**પ્ર. ૪ પુષ્પિકા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. એક દિવસ મધ્યરાત્રિએ સુભદ્રાને શું વિચાર આવ્યો? સુભદ્રાના પતિનું નામ શું હતું?

૨. સુવ્રતા આર્યાના સમજાવવા પર સુભદ્રા આર્યાએ શું વિચાર કર્યો?

૩. સોમા આર્યા ક્યાં ઉત્પન્ન થશે? તેમનું ભવિષ્ય શું છે?

૪. પહેલીવાર ધર્મ સાંભળી સોમા સુવ્રતા આર્યા પાસે શું લેશે? પોતાના આત્માને કેવી રીતે ભાવિત કરશે?

૫. સહજ પ્રાપ્ત થયેલા સંજોગોમાં ...... રાખી ...... ન રહેવાથી જ મનુષ્યને..... અને ...... ની પ્રાપ્તિ થાય છે.

(૫)

**પ્ર. ૫ અંતગડ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ભગવાને સ્થવિર મુનિને શું કહ્યું? (૩)

૨. અતિમુક્ત મુનિએ દીક્ષા પછી શું અભ્યાસ કર્યો? કેટલા વર્ષ સંયમનું પાલન કર્યું? (૧)

૩. શ્રીવન ઉદ્યાનમાં બિરાજમાન છે. – **કોણ બોલે છે અને કોને કહે છે?** (૧)

(૫)

**પ્ર. ૬ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. નૌકા વણિકો કયા દ્વીપ પર પહોંચ્યા? ત્યાં શું જોયું? ૨. આકીર્ણ અધ્યયનો સારાંશ લખો. (૨×૨)

૩. ચક્ષુઈન્દ્રિયને સુખપ્રદ વસ્તુઓ કઈ કઈ છે? (૧)

(૧૫)

**પ્ર. ૭ ઉત્તરાધ્યયન સૂત્રના આધારે જવાબ લખો.**

**(અ) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૯)**

૧. હિરણ્ણં ...... ૨. સદ્ધં ...... ૩. જે કેઈ ......

**(બ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૬)**

૧. બ્રાહ્મણોને શેનું દાન આપવાનું છે? ૨. લોભ કરવાથી શું થાય છે?

૩. મનુષ્યને કેમ તૃપ્તિ થતી નથી? ૪. સ્થાયી ઘર ક્યાં બનાવવું જોઈએ?

૫. નમિ રાજર્ષિને જાતિસ્મરણ જ્ઞાન કેવી રીતે થયું? ૬. ઉદ્યાનમાં વૃક્ષ કેવું હતું?

(૧૦)

**પ્ર. ૮ ભગવતી સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. લવણસમુદ્રની પહોળાઈ, પરિધિ આદિનું વર્ણન કેવું છે?

૨. પાતાળ કળશા કેટલા છે? કેવી રીતે? તેના માલિક દેવ કોણ છે?

૩. વારુણી સમુદ્ર, પુષ્કર સમુદ્ર, કુંડલ સમુદ્ર, લવણ સમુદ્રના પાણીનો સ્વાદ કેવો છે?

૪. ૯, ૧૫ દ્વીપના નામ અને ૪, ૧૦ સમુદ્રના નામ લખો.

૫. લવણ સમુદ્રની ...... તરફ ...... છે. તે ...... ઊંચી ...... પહોળી છે.

(૧૦)

**પ્ર. ૯ પન્નવણા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. સ્પૃષ્ટ દ્વાર લખો. ૨. સંજ્ઞીભૂત એટલે શું? તેના પ્રકાર કેટલા? કયા?

૩. ૫ ઈન્દ્રિયના દ્વારની ગાથા લખો. ૪. સ્પર્શનેન્દ્રિયનો પૃથુત્વ, સંસ્થાન, અવગાઢ દ્વાર લખો.

૫. વીજળી, પોતાની મેળે ઉત્પન્ન થયેલો હાથી, અળસિયા, મચ્છરનો ચક્ષુન્દ્રિયનો ઉત્કૃષ્ટ વિષય લખો.

(૧૦)

**પ્ર. ૧૦ માર્ગણા સમજણ સહિત લખો. (કોઠો બનાવીને લખો.)**

૧. જ્યોતિષીની આગતિમાં ૨. કૃષ્ણલેશી મિશ્રદષ્ટિમાં ૩. અવધિદર્શન ઔદારિક શરીરમાં

૪. ઉર્ધ્વલોક બાદર શાશ્વતામાં ૫. અધોલોક એકાંત મિથ્યાત્વીમાં

**જય જિનેન્દ્ર**